
# મારું હૃદય

વર્ષ-૭, અંક-૭૩, ૧૫ જાન્યુઆરી, ૨૦૧૬

CIMS®
Care Institute of Medical Sciences



Price ₹ 5/-

### કાર્ડિયોલોજીસ્ટ

ડૉ. અજય નાઇક +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬
ડૉ. સત્ય ગુપ્તા +૯૧-૯૯૨૫૦ ૪૫૭૮૦
ડૉ. વિનીત સાંખલા +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬
ડૉ. વિપુલ કપૂર +૯૧-૯૮૨૪૦ ૯૯૮૪૮
ડૉ. તેજસ વી. પટેલ +૯૧-૮૯૪૦૩ ૦૫૧૩૦
ડૉ. ગુણવંત પટેલ +૯૧-૯૮૨૪૦ ૬૧૨૬૬
ડૉ. કેયૂર પરીખ +૯૧-૯૮૨૫૦ ૨૬૯૯૯
ડૉ. મિલન ચગ +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭
ડૉ. ઉર્મિલ શાહ +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯
ડૉ. હેમાંગ બક્ષી +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧
ડૉ. અનિશ ચંદારાણા +૯૧-૯૮૨૫૦ ૯૬૯૨૨

### કાર્ડિયાક સર્જન

ડૉ. ધવલ નાયક +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩
ડૉ. મનન દેસાઈ +૯૧-૯૬૩૮૫ ૯૬૬૬૯
ડૉ. ધીરેન શાહ +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩

### પીડિયાટ્રીક અને સ્ટ્રક્ચરલ હાર્ટ સર્જન

ડૉ. શૌનક શાહ +૯૧-૯૮૨૫૦ ૪૪૫૦૨

### કાર્ડિયોવાસ્ક્યુલર, થોરાસીક અને થોરાકોસ્કોપીક સર્જન

ડૉ. પ્રણવ મોદી +૯૧-૯૯૨૪૦ ૮૪૭૦૦

### કાર્ડિયાક એન્સ્થેટીસ્ટ

ડૉ. હિરેન ધોળકિયા +૯૧-૯૫૮૬૩ ૭૫૮૧૮
ડૉ. ચિંતન શેઠ +૯૧-૯૧૭૩૨ ૦૪૪૫૪
ડૉ. નિરેન ભાવસાર +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭

### પીડિયાટ્રીક કાર્ડિયોલોજીસ્ટ

ડૉ. કશ્યપ શેઠ +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮
ડૉ. દિવ્યેશ સાદડીવાળા +૯૧-૮૨૩૮૩ ૩૯૯૮૦
ડૉ. મિલન ચગ +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭

### નીઓનેટોલોજીસ્ટ અને પીડિયાટ્રીક ઇન્ટેન્સીવીસ્ટ

ડૉ. અમિત ચિતલીયા +૯૧-૯૦૯૯૯ ૮૭૪૦૦
ડૉ. સ્નેહલ પટેલ +૯૧-૯૯૯૮૧૪૯૭૯૪

### કાર્ડિયાક ઇલેક્ટ્રોફિઝિયોલોજીસ્ટ

ડૉ. અજય નાઇક +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬
ડૉ. વિનીત સાંખલા +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬

## એ.સી.ઇ. ઇન્હીબિટર્સ/એ.આર.બી બ્લોકર્સ

"એન્જિયોટેન્સીન કનવર્ટિંગ એનઝાઇમ ઇનહીબિટર્સ" એટલે એ પ્રકારની દવાઓ જે રક્તવાહિનીઓનું સંકુચન ઓછું કરી બ્લડપ્રેશરને નીચું લાવે છે. બ્લડપ્રેશર નીચું આવવાથી હૃદયરોગના હુમલા જેવા રોગ અટકે છે અને હાર્ટ ફેલ્યોર (નબળા હૃદયની)ની સારવાર કરવી સરળ બને છે.


જ્યારે હૃદય ખૂબ જ નબળું પડે અથવા તેને ખૂબ નુકસાન થાય અને તે રક્ત યોગ્ય રીતે પમ્પ ના કરે ત્યારે હાર્ટ ફેલ્યોર થયું છે એમ કહેવાય. એવા કેસમાં એ.સી.ઇ.આઇ. હૃદયના સ્નાયુને થતું નુકસાન ઘટાડે છે.

### કેવી રીતે કાર્ય કરે?

એન્જિયોટેન્સીન કનવર્ટિંગ એન્ઝાઇમ (એ.સી.ઇ.) શરીરનું એક એવું તત્ત્વ છે, જેનાથી એન્જિયોટેન્સીન બને છે અને જેનાથી રક્તવાહિનીઓ સંકોચાય છે અને દર્દીનું બ્લડપ્રેશર વધે છે.

### ક્યારે વપરાય છે?

રક્તવાહિનીઓને પહોળી કરવા માટે ઘણી વાર એ.સી.ઇ.આઇ. દવાઓ એકલી અપાય છે અથવા બ્લડપ્રેશર ઓછું કરવાની દવાઓની સાથે પણ આપવામાં આવે છે.




એ.સી.ઇ.આઇની બી.પી. ઘટાડવાની ક્રિયા. તે એ.સી.ઇ.ને રોકે છે.

તાજેતરમાં એ.સી.ઈ.આઇ. હાર્ટઍટેકના કેસમાં હૃદયના સ્નાયુઓનું રક્ષણ કરે છે એવું તારણ નીકળ્યું છે. આ દવાથી હૃદયના સ્નાયુ સારા રહે છે અને સારું પમ્પિંગ કરી શકે છે.

હૃદયની પમ્પ કરવાની શક્તિ નબળી થાય ત્યારે શરીરની માંસપેશીઓ અને ફેફસાંમાં પ્રવાહી ભરાય છે. દર્દીને થાક, પગ અને ઘૂંટણમાં સોજો અને શ્વાસમાં તકલીફ જેવાં લક્ષણો આવે છે.

એ.સી.ઇ.આઇ. બ્લડપ્રેશર નીચું લાવી આ ચિહ્નોને દૂર કરે છે અને હૃદયના કાર્યભારને હળવો કરે છે. તે કિડની પર સાનુકૂળ અસર કરી, શરીરમાં જમા થયેલું વધારાનું પ્રવાહી દૂર કરે છે.

## દવાઓની માત્રા કેટલી હોવી જોઈએ?

તમારા ડૉક્ટર તમારું બ્લડપ્રેશર ચકાસશે અને દવાની યોગ્ય માત્રા નક્કી કરશે. તે તમારી દરેક મુલાકાત વખતે જ્યાં સુધી દવાની આદર્શ માત્રા નક્કી ના થાય ત્યાં સુધી બ્લડપ્રેશર ચકાસશે. હાર્ટ ફેલ્યોરની સારવાર માટે તમારું બ્લડપ્રેશર ચકાસાશે અને તમને મીઠું લેવાની માત્રા ઘટાડવા અને જાતે જ નિયમિત વજન કરવાનું જણાવશે.

સાથે તમારા રક્તના "પોટેશિયમ"ની માત્રા પણ સમયસર ચકાસવી જરૂરી છે.

એક સ્ત્રીને તેનાં પતિના નસકોરાં બોલતાં તેની સામે ભારે ચીડ હતી. તેથી તેણે એક સવારે ડૉક્ટરને બોલાવ્યા અને કહ્યું, **'એવું કંઈક કરો કે આ મુશ્કેલીમાંથી છુટકારો મળે.'**

**'સારું એક ઑપરેશન છે જે હું કરી શકું. એથી તમારા પતિને ફાયદો થશે, પણ તે બહુ મોંઘું છે. તેમાં શરૂઆતમાં ૨૫,૦૦૦ અને પછી ૨૪ મહિના સુધી ૫,૦૦૦ રૂપિયા થશે અને વધારાનો ખર્ચ પણ ખરો.'**

**'હે ભગવાન!'** સ્ત્રી બોલી, **'નવી મારુતિ કાર લેતા હોઈએ એવું લાગે છે.'**

**'તમને કેવી રીતે ખબર પડી?'** ડૉક્ટરે આશ્ચર્યથી પૂછ્યું.



## આડઅસર

નીચે દર્શાવેલ આડઅસરોની તમારા ડૉક્ટરને તરત જ જાણ કરો:

- સૂકી ખાંસી એ સૌથી વધુ આડઅસર છે
- ચામડી પર ડાઘા
- રક્તમાં પોટેશિયમની યોગ્ય માત્રા ન જળવાય
- સ્નાયુની નબળાઈ

બધા જ એ.સી.ઇ.આઇ.ની આડઅસરો એક સરખી હોતી નથી. જો દવા લેતી વખતે તમે ચિહ્નો જાણો તો તમારા ડૉક્ટરનો સંપર્ક કરો. સદ્‌ભાગ્યે, મહદંશે એ.સી.ઇ.આઇ. દવા લેતા લોકોમાં ચિહ્નો જોવા મળતાં નથી. એ.સી.ઇ.આઇ. અનેક નામોથી મળે છે દા.ત. કેપ્ટોપ્રીલ, એનાલાપપ્રીલ, લીસીનોપ્રીલ, પેરીંડોપ્રીલ, રૅમીપ્રીલ વગેરે.

**સૌજન્ય** **'હૃદયની વાત દિલથી' - લેખક : ડૉ. કેયૂર પરીખ**

# એક શિક્ષક તરીકે તેમણે કેટલાય જીવનનું ઘડતર કર્યું. અમે તેમનાં હૃદયનું ઘડામણ કર્યું.



CIMS
DiL DiL Ki KAHANi

શ્રી ઈસોવી, એક શિક્ષક, એક ખેડૂત અને એક સામાજિક સેવક, પોતાનાં વતન ડુશાંબે, તજાકિસ્તાનમાં કેટલાય લોકોનાં પ્રેરણાસ્રોત છે.

રોજિંદા જીવનમાં વિવિધ તકલીફોને પરિણામે જ્યારે તેમનાં હૃદયની તપાસ કરવામાં આવી, ત્યારે જાણવા મળ્યું કે તેઓ અસામાન્ય રીતે મોટું હૃદય ધરાવતા હતા, જે સામાન્ય હૃદય કરતાં 5 ગણું મોટું હતું. ઉપરાંત તેમની 2 આર્ટરીઓ પણ બ્લૉક હતી. લોહીનાં અસામાન્ય દબાણને કારણે તેમનાં હૃદયનું પમ્પિંગ 60% થી ઘટીને 20% થઈ ગયું હતું. જેનાં પરિણામે તેમનું હૃદય ગમે ત્યારે ફેઇલ થઈ શકે તેમ હતું.

દરેક વાર્તામાં એક વળાંક જરુર હોય છે. ઈસોવીનાં જીવનનો આ જ હતો તે વળાંક. CIMS ટીમનાં નિષ્ણાત કાર્ડિયાક સર્જનોએ તેમનાં હૃદયને વિશ્વસ્તરીય ઉપયોગમાં લેવાતી SVR (સર્જિકલ વેન્ટ્રીક્યુલર રિસ્ટોરેશન) પ્રક્રિયા દ્વારા હૃદયનું માપ બદલી, સામાન્ય આકારમાં લાવી, સુયોગ્ય ધબકતું કર્યું અને બાયબાસ સર્જરી પણ કરી. જેનાં પરિણામે તેમનું હૃદય પહેલા કરતા વધુ સશક્ત અને નિયમિત ધબકતું થયું.

શ્રી ઈસોવીએ અમને પ્રેરણા આપી કે નિષ્ફળતાનું કદ ગમે તેટલું મોટું હોય, તેનો આકાર બદલી સફળતામાં ફેરવી શકાય છે.

*#dildilkikahani*

***નામ:*** *શ્રી સયાલી ઈસોવી*
***ઉંમર:*** *68 વર્ષ*
***સ્થળ:*** *ડુશાંબે, તજાકિસ્તાન*

- **પશ્ચિમી ભારતમાં SVR પ્રક્રિયાનાં પ્રણેતા**
- **પિડિયાટ્રિક, જીરીયાટ્રિક, નાજુક હૃદય અને ગ્રોનઅપ કોન્જેન્શીયલ હાર્ટ સર્જરીનાં નિષ્ણાત**
- **વિશ્વપ્રસિદ્ધ કાર્ડિયોલોજિસ્ટ અને સર્જનોની સક્ષમ ટીમ**

www.cims.me

CIMS®
Care Institute of Medical Sciences
World-class practices. Trusted by doctors.

**અપૉઈન્ટ્મેન્ટ્સ :** (L) +91 79 3010 1200 / 1008, (M) +91 98250 66661, (E) opd.rec@cimshospital.org
**એમ્બ્યુલન્સ અને ઇમરજન્સી :** (M) +91 98244 50000 / 97234 50000 / 90990 11234

**24x7 હેલ્પલાઇન**
+91 70690 00000

**પ્લોટ નં. 67/1, પંચામૃત બંગલોઝ સામે, શુકન મોલ પાસે, ઓફ સૉઈન્સ સિટી રોડ, સોલા, અમદાવાદ - 380 060, ગુજરાત, ઈન્ડિયા**

CIMS Hospital Pvt. Ltd. | CIN: U85110GJ2001PTC039962 | info@cims.me | *CIMS Hospital India App on:*

# સ્ટેટીન્સ

## સ્ટેટીન્સ શું છે?

સ્ટેટીન્સ કોલેસ્ટેરોલના સ્તરને નીચું લાવનારી દવાઓ છે. જ્યારે આહાર અને કસરત કોલેસ્ટેરોલને પૂરતા પ્રમાણમાં નીચે આણવામાં નિષ્ફળ જાય છે ત્યારે સ્ટેટીન્સ જૂથની દવાઓ ધાર્યું પરિણામ મેળવવામાં મદદરૂપ બને છે. હાલમાં ભારતમાં ઘણી કંપનીઓ કોલેસ્ટેરોલ ઓછું રાખી શકાય તેવા પ્રકારની દવાઓ બનાવે છે. સ્ટેટીન્સ દવા સમૂહમાં એટોરવાસ્ટેટીન, રોસુવાસ્ટેટીન, લોવાસ્ટેટીન, પ્રાવાસ્ટેટીન અને સીમવાસ્ટેટીનનો સમાવેશ થાય છે.

## ઉપયોગ

- કોલેસ્ટેરોલના સ્તરને નીચું લાવવા તેમજ હૃદયરોગના હુમલાના જોખમને નિવારવા આ દવાઓ વપરાય છે.
- સ્ટેટીન્સથી હૃદયના કોષોને બીમારીથી રક્ષણ મળે છે.


## કેવી રીતે કાર્ય કરે છે?

કોલેસ્ટેરોલ એક પ્રકારની ચરબી છે. તેની શરીર પર ખરાબ અને સારી એમ બંને અસરો થાય છે. તમારું શરીર કોલેસ્ટેરોલનો ઉપયોગ હોર્મોન્સ બનાવવા અને નસના કોષોની જાળવણી માટે કરે છે. જોકે જ્યારે તમારા શરીરમાં કોલેસ્ટેરોલ વધી જાય, ત્યારે ચરબીનો સંગ્રહ કરનાર પ્લૉક (Plaque) રક્તવાહિનીના કોષોમાં જગ્યા બનાવે છે.

એક ભાઈ વાર્ષિક શારીરિક તપાસ માટે એમના ડૉક્ટર પાસે ગયા. ડૉક્ટરે સંપૂર્ણ ચકાસણી કરી.

**'કેવા છે મારા રિપોર્ટ?' દર્દીએ પૂછ્યું.**

**'ખરાબ સમાચાર છે અને સારા સમાચાર પણ છે.'** ડૉક્ટરે કહ્યું, **'ખરાબ સમાચાર એ કે તમને લાંબી ચાલે તેવી બીમારી છે અને સારા સમાચાર એ કે મારા દીકરાને ડોનેશન સીટ પર મેડિકલમાં એડમિશન મળી ગયું છે.'**



સ્ટેટીન્સની દવા આખી જિંદગી લેવી પડે

રક્તવાહિનીની દીવાલો જાડી થાય ત્યારે સ્વાભાવિક રીતે જ એ સાંકડી બને છે. આ સ્થિતિને ઍથેરોસ્ક્લેરોસિસ (atherosclerosis) કહેવામાં આવે છે, જે રક્ત-વાહિનીઓમાંથી રક્તના પ્રવાહને ઓછો કરે છે જેથી હૃદયરોગ તથા હાર્ટઍટેકના હુમલાની શક્યતા વધી જાય છે.

સ્ટેટીન્સ દવાઓ કોલેસ્ટેરોલ બનાવતી એન્ઝાઇમ (enzyme) પ્રક્રિયાને બંધ કરે છે જેથી કોલેસ્ટેરોલનું ઉત્પાદન ઓછું થાય છે. સ્ટેટીન્સ ખરાબ કોલેસ્ટેરોલ (LDL) અને રક્તની અંદર ટ્રાઇગ્લાયસરાઇડ્ઝ (triglycerides)ની માત્રા ઘટાડે છે.

સ્ટેટીન્સ રક્તમાં રહેલા LDL કોલેસ્ટેરોલને દૂર કરવા યકૃત (લીવર)ની શક્તિ વધારે છે. તાજેતરમાં થયેલાં સંશોધનો દર્શાવે છે કે રક્તવાહિનીઓની દીવાલોને સ્ટેટીન્સ મજબૂત કરે છે.

## આડઅસર થાય ખરી?

નીચેની અસરો થાય તો ડૉક્ટરને બતાવવું.

- સ્નાયુની અશક્તિ, દુખાવો અથવા નબળાઈ.
- કોઈક વાર લીવર ટેસ્ટમાં ફેરફાર આવે, જે સ્ટેટીન્સ બંધ કરવાથી સુધારી શકે છે.
- મૂત્રના રંગમાં ફેરફાર (ખૂબ પીળો અથવા છીકણી રંગનો પેશાબ).



સ્ટેટીન્સ : હૃદય રક્ષક

સામાન્ય રીતે સ્ટેટીન્સથી કોઈ પણ જાતનું નુકસાન થતું નથી. સ્ટેટીન્સ લેવાથી ફાયદાઓ આટલા બધા થાય છે કે અમુક હૃદયરોગ નિષ્ણાત કોલેસ્ટેરોલની માત્રા બરોબર હોય તો પણ હૃદયરોગનાં બીજાં જોખમો હોય તેવા દર્દીઓને સ્ટેટીન્સ લેવાની સલાહ આપે છે.

તમે જો કોલેસ્ટેરોલ ઓછો કરવાની દવા નિયમિત લેતા હો તો તમારે તમારા ડૉક્ટરની મુલાકાત નિયમિત લેવી જ જોઈએ.

જ્યારે તમે સ્ટેટીન્સ લેતા હો ત્યારે તમારે રક્તપરીક્ષણ પણ કરાવવું પડે. તેમાં લોહીમાં કોલેસ્ટેરોલનું પ્રમાણ અને લીવરની (કાળજાની) તંદુરસ્તી માટે તપાસ કરવામાં આવશે. એથી તમારા લીવર ઉપર કોઈ આડઅસર થાય છે કે નહીં તે જાણી શકાય.

સ્ટેટીન્સ લેવાની શરૂઆત કર્યાના થોડાંક અઠવાડિયાં પછી સ્ટેટીન્સથી થતાં પરિણામો જોવાં મળશે. આ દવાઓ તમારા ડૉક્ટરની સૂચના મુજબ જ લેશો. જો તમારું વજન વધારે હોય તો એ ઘટાડવું આવશ્યક છે.

ઓછી ચરબી અને ઓછા કોલેસ્ટેરોલવાળો ખોરાક લો. તમારા ડૉક્ટરની સૂચના પ્રમાણે દરરોજ કસરત કરો.

**સૌજન્ય** **'હૃદયની વાત દિલથી' - લેખક : ડૉ. કેયૂર પરીખ**

## સીમ્સ ટીમમાં નિમ્નલિખિત ડોક્ટરોનું સ્વાગત છે



**ડૉ. પ્રણવ જોશી**
**કન્સલટન્ટ ન્યુરોલોજીસ્ટ**
**(મગજના રોગોના નિષ્ણાંત)**
એમબીબીએસ, એમડી(જનરલ મેડીસીન),
ડીએનબી
(મો) +૯૧-૯૯૨૫૨ ૩૨૯૧૬



**ડૉ. ઉમાકાન્ત શાહ**
**કન્સલટન્ટ ઇ.એન.ટી. સર્જન**
એમબીબીએસ, ડીએલઓ, એમએસ (ઇ.એન.ટી.)
(મો) +૯૧-૯૬૩૮૦ ૩૧૮૭૯



**ડૉ. જોય અબ્રાહમ**
**કન્સલટન્ટ જી.આઇ. સર્જન**
એમ.એસ., એમ.સી.એચ. (SGPGIMS)
ફેલોશીપ ઇન હિપેટો-પેન્ક્રીયેટો-બીલીયરી સર્જરી
અને લીવર ટ્રાન્સપ્લાન્ટ
(મો) +૯૧-૮૩૮૧૯ ૯૯૨૨૨



**ડૉ. રામ પરિહાર**
**કન્સલટન્ટ ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટ**
**(પેટના રોગોના નિષ્ણાંત)**
એમબીબીએસ, એમડી (મેડીસીન),
ડીએમ (ગેસ્ટ્રોએન્ટ્રોલોજી)
(મો) +૯૧-૮૯૪૦૭ ૩૫૩૩૬



**ડૉ. શ્રુતી ભાલારા**
**કન્સલટન્ટ પેથોલોજીસ્ટ**
એમબીબીએસ, એમડી (પેથોલોજી)
(મો) +૯૧-૯૮૨૪૮ ૭૮૨૯૭

**એપોઇન્ટમેન્ટ માટે ફોન**
**+૯૧-૭૯-૩૦૧૦૧૦૦૮/૧૨૦૦**
**+૯૧-૯૮૨૫૦૬૬૬૬૧**

# Care At Homes

home health @ your doorstep

## સંપુર્ણ મેડિકલ કેર આપના ઘરે

- સુરક્ષિત આરોગ્ય માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત સાર-સંભાળ
- ૨૪ કલાક સેવાઓ (રજાઓ તથા સપ્તાહના અંતિમ દિવસોમાં પણ)
- ઉચ્ચ પ્રશિક્ષિત અને અનુભવી હેલ્થકેર પ્રોફેશનલ્સ
- જો તમારે આ સેવાઓની જરૂર હોય તો ફક્ત અમને +૯૧-૯૦૯૯૦ ૬૭૯૮૮ અથવા +૯૧-૮૧૪૧૮ ૯૨૯૯૯ પર ફોન કરો બાકી બધીની કાળજી અમે લઇશુ

**૧ દિવસ થી ૧ મહિના સુધી કે વધારે સમય માટે આરામદાયક નર્સિંગ સારવાર પુરી પાડવા**

**Email:** info@careathomes.com
**Web:** www.careathomes.com
facebook.com/careathomes

## મેડિકલ / નર્સિંગ / કેરગીવર / રિહેબીલીટેશન સેવાઓ




અમને કોલ કરો
**+૯૧-૯૦૯૯૦ ૬૭૯૮૮**
**+૯૧-૮૧૪૧૮ ૯૨૯૯૯**
આપના ઘરે સંપુર્ણ ગુણવત્તાયુક્ત આરોગ્ય સારવાર મેળવવા માટે

## CIMS પીડિયાટ્રીક ક્રિટીકલ કેર
(નવજાત શિશુ અને બાળકોની સઘન સારવાર)

- ગુજરાતનું એક માત્ર સેન્ટર કે જ્યાં બાળકોની કોઇપણ જટીલ બિમારીઓની સારવાર માટે અત્યાધુનિક સુવિધા.
- બાળકોની શસ્ત્રક્રિયાઓ અને ત્યારબાદની સારવારમાં મહત્તમ અનુભવથી સજ્જ ટીમ (જેમ કે હૃદય, મગજ, સ્પાઇન, આંતરડા, ટ્રોમા)
- બાળકોમાં થતા ફેફસાના રોગો માટે આધુનિક ફાઇબર ઓપ્ટિક દુરબીન દ્વારા (Fibre Optic Bronchoscopy) નિદાન માટેનું ગુજરાતનું એક માત્ર સેન્ટર.

**પીડિયાટ્રીક ECMO, NO (નાઇટ્રીક ઓક્સાઇડ) અને High Frequency Ventilation ની સુવિધા**

CIMS® Care Institute of Medical Sciences
At CIMS... we care
NABL Certificate No. M-0500

## CIMS ન્યુરો અને સ્પાઇન સર્જરી
(મગજ અને મણકાના રોગોની સારવાર)

- મગજ અને કરોડરજ્જુ (સ્પાઇન)ની શસ્ત્રક્રિયા માટે વિશ્વાસપાત્ર સ્થળ
- 'કી' હોલ માઇક્રો સ્પાઇન સર્જરી – ગાદી, મણકાની સારવાર
- નવજાત શિશુથી વયોવૃદ્ધના મગજ અને કરોડરજ્જુના તમામ પ્રકારના રોગોની સર્વશ્રેષ્ઠ અને સલામત શસ્ત્રક્રિયા

**સેફ ન્યુરો અને સ્પાઇન સર્જરી**

CIMS® Care Institute of Medical Sciences
At CIMS... we care
NABL Certificate No. M-0500

**એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક કરો : +૯૧-૭૯-૩૦૧૦ ૧૦૦૮, ૩૦૧૦ ૧૨૦૦**

CIMS connect

સીમ્સ હોસ્પિટલ તરફથી નિયમિત માહિતી મેળવવા તથા નવા રસપ્રદ કેસોની જાણકારી માટે અમારી સાથે ફેસબુક થી જોડાઓ. તમે અમારી સીમ્સ હોસ્પિટલની એપ્લીકેશન એન્ડ્રોઇડ, (એપલ) આઇફોન અને વિન્ડો ફોનમાં ડાઉનલોડ કરી શકો છો જેનાથી તમને સ્વાસ્થ્ય સંબંધી ઉપયોગી માર્ગદર્શન મળી શકશે.



"સીમ્સ હોસ્પિટલ" (CIMS Hospital)ની એપ્લીકેશન ઉપલબ્ધ છે

facebook | ANDROID APP ON Google play | Download on the App Store | Download on the Windows Phone

# ગુજરાતની વિશાળ વિશ્વસનીય કેન્સર ટીમ

## સર્જીકલ ઓન્કોલોજીસ્ટ



ડૉ. જયેશ વી. પટેલ
(મો) +૯૧-૯૮૨૫૦૪૯૮૭૪



ડૉ. નટુ પટેલ
(મો) +૯૧-૯૮૨૫૦૪૩૬૭૨



ડૉ. તરંગ પટેલ
(મો) +૯૧-૯૮૨૫૦૨૨૦૭૪



ડૉ. અશોક પટેલ
(મો) +૯૧-૯૮૨૫૦૨૦૫૪૪



ડૉ. દર્શન આર. ભણશાલી
(મો) +૯૧-૯૮૨૫૦૯૬૭૬૩

## રેડિયેશન ઓન્કોલોજીસ્ટ



ડૉ. દેવાંગ સી. ભાવસાર
(મો) +૯૧-૯૮૨૫૩ ૭૪૪૧૧



ડૉ. કિંજલ આર. જાની
(મો) +૯૧-૯૮૨૫૫ ૭૬૫૩૩



ડૉ. મૌલિક ભેંસડડીયા
(મો) +૯૧-૯૯૨૫૭ ૮૫૮૫૯



ડૉ. મલ્હાર પટેલ
(મો) +૯૧-૯૫૩૭૬ ૬૪૭૫૭



ડૉ. પ્રાપ્તિ પટેલ
(મો) +૯૧-૯૦૩૯૨૭૧૪૬૬

## મેડિકલ ઓન્કોલોજીસ્ટ

ડૉ. ચિરાગ દેસાઈ
કન્સલટન્ટ
મેડિકલ ઓન્કોલોજીસ્ટ

ડૉ. રાહુલ જયસ્વાલ
કન્સલટન્ટ
મેડિકલ ઓન્કોલોજીસ્ટ

ડૉ. સંકેત શાહ
કન્સલટન્ટ
મેડિકલ ઓન્કોલોજીસ્ટ

## એસોસીએટ્સ ઓન્કોલોજી કન્સલટન્ટ

હિપેટો પેન્ક્રીયાટો બીલીયરી અને લેપ્રોસ્કોપી સર્જરી
ડૉ. મનીષ ગાંધી
ડૉ. ધવલ રાજદે

રીકન્સ્ટ્રક્ટીવ ઓન્કોલોજી
ડૉ. હેમંત સરૈયા
ડૉ. શૈલેન્દ્ર સિંઘ
ડૉ. યોગેશ ભટ્ટ
ડૉ. હિંમાશુ વોરા
ડૉ. અશ્વિન લાખાણી

ઓર્થો ઓન્કોલોજી
ડૉ. મંદીપ શાહ

યુરો ઓન્કોલોજી
ડૉ. જનક દેસાઈ

CIMS®
Care Institute of Medical Sciences
World-class practices. Trusted by doctors.
NABH
NABL
Certificate No. M-0500

સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક,
ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦.
www.cims.me

facebook.com/cimscancer

એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક કરો : +૯૧-૯૯૭૯૨ ૭૫૫૫૫

"Maru Hriday" Registered under RNI No. GUJGUJ/2009/28044
Published 15th of every month
Permitted to post at PSO, Ahmedabad-380002 on the 22nd to 27th of every month under
Postal Registration No. GAMC-1731/2016-2018 issued by SSP Ahmedabad valid upto 31st December, 2018
Licence to Post Without Prepayment No. CPMG/GJ/101/2016-2018 valid upto 31st December, 2018

**If undelivered Please Return to :**

CIMS Hospital, Nr. Shukan Mall,
Off Science City Road, Sola, Ahmedabad-380060.
Ph. : +91-79-2771 2771-75 (5 lines)
Fax: +91-79-2771 2770
Mobile : +91-98250 66664, 98250 66668

**'મારૂ હૃદય' નો અંક મેળવવા અંગે :** જો તમારે 'મારૂ હૃદય' નો અંક જોઇતો હોય તો તેની કિંમત ₹ ૬૦ (૧૨ અંક) છે. તેને મેળવવા માટે કેશ અથવા ચેક/ડીડી 'સીમ્સ હોસ્પિટલ પ્રા. લી.' ના નામનો તમારા નામ અને તમારા પુરતા એડ્રેસની વિગત સાથે અમારી ઓફિસ, "મારૂ હૃદય" ડિપાર્ટમેન્ટ, સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ પર મોકલી આપશો. ફોન નં. : +૯૧-૭૯-૩૦૧૦ ૧૦૫૯/૧૦૬૦

CIMS Hospital
અમે છીએ અકસ્માતની
ત્વરીત સારવારના સ્પેશ્યાલીસ્ટ 24 x 7
આકસ્મિક ઇજાની સઘન સારવાર માટે
ATLS (એડ્વાન્સ્ડ ટ્રોમા લાઇફ સપોર્ટ) ગ્લોબલ પ્રોટોકોલ
સીમ્સ ટ્રોમા સેન્ટર
કોઇપણ આકસ્મિક ઇજા જેમ કે..
રોડ ટ્રાફિક અકસ્માત • બર્ન્સ • ફેક્ટરી હોનારત
પડી જવાથી • શારીરિક હુમલો • સ્પોર્ટ્સથી ઇજા
CIMS® Care Institute of Medical Sciences
World-class practices. Trusted by doctors.
સીમ્સ હોસ્પિટલ : શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ - ૩૮૦ ૦૬૦. ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (૫ લાઇન)
info@cims.me | www.cims.me
સીમ્સ હોસ્પિટલની એપ્લીકેશન ઉપલબ્ધ છે
facebook | ANDROID APP ON Google play | Download on the App Store | Download on the Windows Phone
એમ્બ્યુલન્સ અને ઇમરજન્સી : +૯૧-૯૮૨૪૪ ૫૦૦૦૦, ૯૭૨૩૪ ૫૦૦૦૦



CIMS Hospital : Regd Office: Plot No.67/1, Opp. Panchamrut Bunglows, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad - 380060.
Ph. : +91-79-2771 2771-75 (5 lines) Fax: +91-79-2771 2770.
CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | info@cims.me | www.cims.me

તંત્રી, મુદ્રક અને પ્રકાશક ડૉ. અનિશ ચંદારાણાએ સીમ્સ હોસ્પિટલ વતી હરિઓમ પ્રિન્ટરી, ૧૫/૧, નાગોરી એસ્ટેટ, ઇ.એસ.આઇ. ડિસ્પેન્સરીની સામે, દૂધેશ્વર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪ ખાતેથી છાપ્યું અને સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.